# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-11-2025          Day: Sunday       Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.**

**આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.**

**આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે. તેમજ મન કી બાતને આવરી લેતું કચ્છી બુટલેટીન આકાશવાણી ભુજ પરથી આજે સાંજે 7 વાગીને 5 મિનિટે પ્રસારિત કરાશે.**

**-----------------------------------------------------------------------------------------**

## મુખ્યમંત્રી-ચિંતન શિબિર:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધરમપુર ખાતે યોજાયેલી ત્રણ-દિવસીય ૧૨મી ચિંતન શિબિરના સમાપન પ્રસંગે કહ્યું હતું કે, આપણે સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ આગળ વધવાનું છે.

શ્રી પટેલે મંત્રીઓ અને સનદી અધિકારીઓને થિંક વેલ, ડુ વેલનો કાર્યમંત્ર આપ્યો હતો. અધિકારીઓને દર મહિને ફિલ્ડ વિઝીટ કરવા મુખ્યમંત્રીએ સૂચના આપી હતી. તેમજ દરેક અધિકારી ઉત્તરદાયિત્વની ભાવના કેળવે તેવું પણ જણાવ્યુ હતું. ગુજરાતમાંથી કુપોષણની નાબૂદીને ધ્યેય બનાવવા અપીલ કરી હતી.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં દરેક લોકોને શિક્ષણ અને પોષણ અપાવાની રાજ્ય સરકારની પ્રાથમિકતા છે.

---

## મતદાર યાદી-S.I.R.:

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. અંતર્ગત ચાલી રહેલા વિશેષ કેમ્પનો આજે છેલ્લો દિવસ છે. રાજ્યભરમાં નક્કી કરેલા સ્થળોએ બાકી રહેલા મતદારોને ગણતરી ફોર્મ ભરવા અને SIR અંગે માર્ગદર્શન પૂરું પાડવા આ વિશેષ કેમ્પનું આયોજન કરાયું છે. નાગરિકો આજે સવારે 10 થી સાંજે 5 વાગ્યા સુધી નિશ્ચિત કેન્દ્રો ખાતે વર્ષ 2002ની યાદીમાં પોતાનું નામ શોધી શકશે. આ ઉપરાંત ગણતરી ફોર્મ ભરી શકશે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હરિત શુક્લાએ આ વિશેષ કેમ્પનો લાભ લઇ લોકોને સત્વરે ગણતરી ફોર્મ જમા કરાવવા અપીલ કરી છે.

કચ્છમાં 15 સ્થળો પર ઝુંબેશકેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મામલતદાર કચેરી નલીયા,નખત્રાણા, લખપત, માંડવી, મુન્દ્રા, ભુજ (શહેર), ભુજ (ગ્રામ્ય), અંજાર ભચાઉ, તેમજ રાપરની મામલતદાર કચેરી ખાતે ખાસ ઝુંબેશ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

---

## સંસદનું શિયાળુ સત્ર:

**આવતીકાલથી શરૂ થઈ રહેલા સંસદના શિયાળુ સત્ર પહેલા સરકારે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ આ બેઠકમાં સંસદના બંને ગૃહોના રાજકીય પક્ષોના નેતાઓને મળશે. આ બેઠકમાં, સરકાર સત્ર દરમિયાન લોકસભા અને રાજ્યસભાની સુચારુ કામગીરી સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષોનો સહયોગ માંગશે.**

**શિયાળુ સત્ર આવતીકાલ 1 ડિસેમ્બરથી 19 ડિસેમ્બર સુધી ચાલશે. સત્ર દરમિયાન ઘણા મહત્વપૂર્ણ બિલો પર ચર્ચા અને પસાર થવાની અપેક્ષા છે.**

**------------------------------------------------------------------------------------------------**

## ભગવદ્ ગીતા જયંતીની ઉજવણી:

**કચ્છ જિલ્લામાં વૈશ્વિક ગ્રંથ ભગવદ્ ગીતા જયંતિની બે દિવસની ઉજવણીનો આજથી આરંભ થાય છે. ભુજનાં આર્ષ અધ્યયન કેન્દ્ર અને અન્ય સંસ્થાઓ દ્વારા ગીતા જયંતિની ઉજવણીના પૂર્વ દિને આજે બપોરે રામધૂનના સ્થળથી ટાઉન હોલ સુધી ગીતા ગ્રંથ યાત્રા યોજાશે. જેમાં બધા તાલુકાના જુદા-જુદા સમાજના તેમજ મહિલા સંસ્થાઓના સભ્યો જોડાશે. યાત્રાના અંતે તેઓનું સન્માન કરાશે. આવતીકાલ થી છ દિવસ સુધી ગીતા પ્રવચનોનું આયોજન થયું છે.**

**------------------------------------------------------------------------------------------------**

## ક્રિકેટ:

**ભારત અને દક્ષિણ આફ્રિકાની ટીમો વચ્ચે આજથી એક દિવસીય મેચોની શ્રેણી શરૂ થાય છે. ત્રણ વન ડે મેચની શ્રેણી પ્રથમ મેચ આજે રાંચી ખાતે રમાશે.**

**------------------------------------------------------------------------------------------------**

## માંડવી-ટેકાના ભાવે કપાસ ખરીદી:

માંડવી ખાતે કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સીસીઆઈ-દિલ્હી દ્વારા 40 કિલોના ટેકાના ભાવે ૩૨૨4 રૂપિયા થી વેચાણ માટે ધારાસભ્ય અનિરુદ્ધ દવેના હસ્તે સેન્ટર શરૂ કરવામાં આવ્યું હતું. લોકલ બજારમાં કપાસનો ભાવ 40 કિલોના ૨800 રૂપિયા છે, જેથી પ્રતિ કિલોએ 4૨4 રૂપિયા ખેડૂતોને વધારે મળશે. આ પ્રસંગે સી.સી.આઈ.ના અધિકારી અને ખેડૂત આગેવાનો હાજર રહ્યા.

**------------------------------------------------------------------------------------------------**

# સુરક્ષા સેતુ જાગૃતિ કાર્યક્રમ:

નિરોણાની સારસ્વતમ્ સંચાલિત પી. એ. હાઈસ્કૂલમાં ગુજરાત પોલીસના સુરક્ષા સેતુ રથના આગમન નિમિત્તે ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે એક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ગુનાખોરી, માર્ગ સલામતી, સ્વ-સુરક્ષા સાયબર સિક્યોરિટી સહિતના વિવિધ સુરક્ષા મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---